ગાંધીનગર સમાચાર

# પ્રવિણ પટેલને પોલીસ પ્રોટેક્શન

## બપોરે ૪૦થી વધુ કોંગી કાર્યકરો પ્રવિણ પટેલના સે. ૨૨ સ્થિત નિવાસસ્થાને પહોંચી ગયા હતા : પોલીસે પાછા વાળ્યા : નિવાસસ્થાને પણ બંદોબસ્ત મુકાયો

ગાંધીનગર, તા. ૬
પ્રવિણ પટેલે કોંગ્રેસ પક્ષમાંથી રાજીનામુ આપી એકાએક ભાજપમાં જોડાઈને મેયરપદ ગ્રહણ કરી લેતા કોંગી કાર્યકરોનું ટોળુ પહોંચી ગયું હતું. જો કે પોલીસે નિવાસસ્થાને બંદોબસ્ત મુકી દીધો હોવાથી પોલીસ તે સમયે ત્યાં જ હતી. પોલીસે તે કાર્યકરોને પાછા વાળ્યા હતા. કોઈ અનિચ્છનીય બનાવ બને નહી તે હેતુસર તેમના નિવાસસ્થાને પોલીસે પુરતો બંદોબસ્ત ગોઠવી દીધો છે.

### વોર્ડ નં. ૩ કોંગ્રેસને શિરદર્દ બન્યો

ગાંધીનગર મહાનગરપાલિકાની પ્રથમ સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસે સત્તા કબ્જે કરી હતી પરંતુ વોર્ડ નં. ૩ના ચૂંટાયેલા સભ્યોએ પક્ષાંતર કરતાં કોંગ્રેસ પાસેથી ભાજપે સત્તા આંચકી હતી.

આ બીજી સામાન્ય ચૂંટણીમાં પણ કોંગ્રેસ પક્ષના એક માત્ર વિજેતા થયેલા ઉમેદવાર પ્રવિણ પટેલે ભાજપમાં પુનઃ પ્રવેશ મેળવી મેયરપદ હાંસલ કર્યું હતું અને ભાજપની સંભ્ય સંખ્યા ૧૭ પર પહોંચાડી હતી. આમ વોર્ડ નં. ૩ એ કોંગ્રેસ પક્ષ માટે સદાય શિરદર્દ સાબિત થયો છે.

કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોમાં ભારે રોષ ફેલાયો છે. બહુમાળી ભવનમાં તો હાથાપાઈ થઈ જ ગઈ હતી ત્યાર બાદ બપોરે પ્રવિણ પટેલના નિવાસસ્થાને પણ ૪૦થી વધુ

તે ઉપરાંત પ્રવિણ પટેલ પર પણ જોખમ હોવાનુ માનીને તેમના પર કોઈ હૂમલો ન થાય તેની તકેદારીના ભાગરૂપે પોલીસે પ્રવિણ પટેલને પ્રોટેક્શન આપી દીધુ છે.

તેમના નિવાસસ્થાને બપોરે પહોંચેલા ટોળાએ પથ્થરમારો પણ કર્યો હોવાની અફવાએ જોર પકડ્યું હતું. પરંતુ પથ્થરમારો નહી બોલાચાલી થઈ હોવાનું ધ્યાને આવ્યું હતું.




દિલ્હીમાં ગાંધીનગરના કાર્યકરો : કોંગ્રેસ દ્વારા આયોજિત લોકતંત્ર બચાવ રેલીમાં ગાંધીનગરના કોંગ્રેસી અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ અને જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભીના નેતૃત્વમાં જિલ્લાના કાર્યકરોએ રેલીમાં ભાગ લીધો હતો.

### ભીડભાડમાં તાલુકા પંચાયતના સદસ્યનું ખીસ્સુ કપાયુ

પ્રવિણ પટેલે કોંગ્રેસમાંથી રાજીનામુ આપીને ભાજપમાં જોડાઈ ગયા બાદ તેમને મેયરનું મેન્ડેટ આપવામાં આવ્યુ અને બહુમત મળતા પ્રવિણ પટેલ મેયર બન્યા હતા. ભયંકર હોબાળો થયેલો હોવાથી પ્રવિણ પટેલને બહાર લઈ જતી વખતે કોઈ ટપલીદાવ ન થાય કે મારઝુડ ન થાય તે માટે ભાજપના કાર્યકરો-આગેવાનો પ્રવિણ પટેલને ઘેરીને પરત લઈ જઈ રહ્યા હતા. આ દરમ્યાન ભારે ભીડ હતી તે વખતે તાલુકા પંચાયતના સદસ્ય રાજેન્દ્રભાઈ પ્રહલાદભાઈ પટેલના ખિસ્સામાં પડેલા રૂ. ૩૫ હજાર રોકડા કોઈ સેરવી ગયુ હતુ. જો કે આ બનાવ અંગે પોલીસ ફરીયાદ નોંધાવા પામી નથી.

### વિશ્વ રેડક્રોસ દિનની પૂર્વ સંધ્યાએ રાજયપાલશ્રીનો પ્રજાજોગ સંદેશ

ગાંધીનગર, તા.૬
વિશ્વ રેડક્રોસ દિનની પૂર્વ સંધ્યાએ ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીજીનો પ્રજાજોગ સંદેશ દૂરદર્શન કેન્દ્ર પરથી તા. ૭ મી મે, ૨૦૧૬ના રોજ સાંજે ૬.૪૫ વાગે તથા આકાશવાણી કેન્દ્રો પરથી રાત્રિના ૮.૧૫ વાગે પ્રસારિત થશે.

### પ્રવિણ પટેલને કોંગ્રેસની કારણદર્શક નોટીસ

ગાંધીનગર મહાનગર પાલિકાના નવનિયુક્ત મેયર પ્રવિણ પટેલને આજે કોંગ્રેસ પક્ષે કારણદર્શક નોટીસ આપી દિન-૫માં ખુલાસો કરવા જણાવ્યુ છે અને જવાબ નહિ મળે તો પક્ષાંતર ધારાની કાર્યવાહી માટે તૈયાર રહે તેમ પણ આ નોટીસમાં જણાવ્યું છે.

પ્રદેશ ચૂંટણી સંકલન સમિતિના ચેરમેન શ્રી બાબુભાઈ પટેલે આ કારણદર્શક નોટીસ પાઠવી છે. તેમણે આ નોટીસમાં આજે મેયર પદે ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષના આદેશનો અનાદર કરી તેનો ભંગ કર્યો છે. કોંગ્રેસ પક્ષના નિશાન પર ચૂંટાયેલા ઉમેદવાર છો અને આપની એ ફરજ હતી કે પક્ષના આદેશ મુજબ મતદાન કરવુ જોઈએ.

પાંચ દિવસમાં આપના તરફથી ખુલાસો લેખિતમાં પ્રદેશ સમિતિને નહિ મળે તો આપે કંઈ કહેવાનું નથી એમ માની પક્ષના આદેશનો ભંગ કરવાની કાર્યવાહી કરી આપનું મનપાનું સભ્યપદ રદ થાય તેવી કાર્યવાહી કાયદાકીય કરવામાં આવશે.




## નગર સેવા સદનના આંગણેથી....

- ગાંધીનગર મનપામાં સામાન્ય સભાને લઈ પોલીસે વહેલી સવાર થી જ સભાગૃહમાં પોલીસ કાફલો ગોઠવી દેવામાં આવ્યો હતો. બંદોબસ્તમાં મહિલા પોલીસનો કાફલો પણ વધુ જોવા મળ્યો હતો.
- સામાન્ય સભાની શરુઆતમાં જ પોલીસ કાફલાને જોઈ કોંગ્રેસના એક કોર્પોરેટરે પોલીસ અને ચુંટણી કમિશનર ભાજપના કાર્યકરો છે તેવા આક્ષેપ કર્યા હતા.
- બેઠકના પ્રારંભે જ પ્રવીણ પટેલ ની એન્ટ્રી થતા જ કોંગ્રેસના કોર્પોરેટર શૈલેન્દ્રસિંહ વચ્ચે ઉગ્ર અભદ્ર ભાષાની બોલાચાલી થઈ હતી.
- કોર્પોરેટરની ઓફીસ આગળ પગથીયા પાસે કોંગી મહિલાઓએ પ્રવીણ પટેલ હાય હાય ના નારા લગાવી છાજીયા લીધા હતા.
- સભાગૃહની આસપાસ મોટું કાર્યકરોનું ટોળું એકત્રીત થતાં જ પોલીસે કાર્યકરોના ટોળાને નીચે ખદેડી મુક્યું હતું.



- મનપાની કચેરીની બહાર દરેક કોર્પોરેટના ટેકેદારો તણાવની પરિસ્થિતિને ધ્યાને લઈ ખાસ હાજર જોવા મળ્યા હતા.
- સભાગૃહમાં ગાળાગાળીને પગલે મહિલા કોર્પોરેટરોએ શરમમાં મુકાવું પડે તેવી પરિસ્થિતિ નિર્માણ પામી હતી. જયારે પહેલી વખત ચુંટાઈને આવેલા મહિલા સભ્યો આ બધુ જોઈ આશ્ચર્ય પામી હતી.
- સામાન્ય સભામાં હોબાળો થતા ખુદ કમિશનરે કોર્પોરેટરોને શાંતિ જાળવવા અપીલ કરી હતી. તે દરમિયાન નીચે પણ પ્રવીણ હાય હાયના નારા લગાવતા કાર્યકરોને પોલીસે દુર ધકેલ્યા હતા.



- મનપાની ઓફીસ બહાર કાર્યકરો વચ્ચે ટપલી દાવ થતા ધારાસભ્ય અશોક પટેલે હાથ જોડી શાંતિ રાખવા અપીલ કરી હતી.
- સવારે સાડાદશ વાગ્યાથી કોંગ્રેસના કાર્પોરેટરો આવી પહોંચ્યા હતા. જયારે ભાજપના અગીયાર વાગવામાં પાંચ મિનિટની વાર હતી અને પ્રવીણ પટેલ ભાજપના સભ્યો સાથે પ્રવેશ્યા હતા.
- ગુડાના ચેરમેન આશિષ દવે નીચે કાર્યકરો સાથે વાત કરતા મનપા સંકુલમાં નજરે પડયા હતા.જયારે કોંગ્રેસના અગ્રણી જશુભા રાણા પર સંકુલ ખાતે કાર્યકરોની સાથે હતા.
- ભાજપના કાર્યકરો મનપાની કચેરી ખાતે ઉભા હતા જયારે કોંગ્રેસના સભ્યોને હાંકી કઢાતા જશુભાએ પોલીસને જણાવ્યું હતું કે પહેલા ભાજપના કાર્યકરોને ખસેડો ત્યારબાદ કોંગ્રેસના કાર્યકરો આપોઆપ જતા રહેશે.
- મનપાની ઓફીસ નીચેથી જ કાર્યકરોના પ્રવેશ પર પાબંધી લગાવી હતી. જેને પગલે અરજદારો અને કર્મચારીઓએ મુશ્કેલીમાં મુકાવું પડ્યું હતું.
- સહયોગ ભવન, કલેકટર કચેરી અને એમ.એસ બિલ્ડીંગના કર્મચારીઓ પણ સતત પરિસ્થિતિ પર નજર નાંખી રહ્યા હતા. જોકે થોડીવાર માટે વાતાવરણ ગરમાતા કર્મચારીઓએ ઓફીસમાં રજા હોય તેવો માહોલ ઉભો કરી દીધો હતો.
- મનપા કચેરીનો ૪થો માળ ગાળાગાળી ગાંજી ઉઠ્યો હતો.જોકે સલામતી હતી એટલે બાકી મનપા ઓફીસ રંકતરંજીત પણ બની શકતી હતી.
- ચુંસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે પણ પ્રવીણ પટેલ પર ટપલીદાવ થતા સલામતી જોખમાઈ હતી.
- સામાન્ય સભા ૧૫ મિનિટ મોડી શરુ કરવામાં આવી હતી. જોકે ૧૧ વાગ્યાની જગ્યાએ સવા અગીયાર વાગે સભા શરુ થઈ શકી હતી.
- કોંગ્રેસના કોર્પોરેટરોએ પોતાના બીજા કોઈ કોર્પોરેટરને ભાજપવાળા ઉઠાવી ના જાય કે અપહરણ ના કરે તે માટે માનવ સાંકળ રચી હતી.
- શહેરના મુખ્ય માર્ગ ઘ માર્ગ પર ગાડીઓનો ખડકલો જોવા મળ્યો હતો. આસપાસ ઉભેલા ચા-પાણી નાસ્તાની લારીઓવાળાને ભારે ઘરાકી જોવા મળી હતી.
- કોંગ્રેસના કાર્યકરો હોબાળો મચાવતા બેરીકેટ્સ મુકી આડસ ઉભી કરી હતી.
- પ્રહરી, વ્રજ, આઈસીયુ ઓન વ્હીલ અને ફાયર બ્રિગેડની ટીમ તૈનાત કરાઈ હતી.
- સવારે ૧૧ કલાકથી શરુ થયેલી સામાન્ય સભા બપોરે ૧ કલાકે પુરી થઈ હતી.
- ભાજપના મેયર, ડે. મેયર અને સ્ટેન્ડીગ કમિટીના ચેરમેન પર કાર્યકરોએ ફુલ વર્ષા કરી હતી. જેને લઈ સમગ્ર સંકુલમાં સુગંધ ફેલાઈ હતી.
- ભાજપમાં જોડાતા પ્રવીણ પટેલને ચુંસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે બહાર લઈ જવાયા હતા.

## ગાંધીનગર સહિત રાજયની આઠે આઠ મનપામાં ભાજપનું શાસન

ગાંધીનગર, તા.૬
પ્રદેશ પ્રવકતા શ્રી ભરતભાઈ પંડયાએ જણાવ્યું હતું કે ગત મહિને યોજાયેલી ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામ બાદ આજ રોજ મહાનગર પાલિકાના પદાધિકારીઓની નિયુકિતની પ્રક્રિયામાં ભાજપાના ઉમેદવારો ચૂંટાયા રાજયની તમામ સુરત, વડોદરા, અમદાવાદ, રાજકોટ, જામનગર, જુનાગઢ, ભાવનગર અને ગાંધીનગર એમ કુલ આઠ મહાનગરપાલિકાઓ ભાજપા શાસિત બની છે.

પાટનગર ખાતે યોજાયેલ આજની ચૂંટણી પ્રક્રિયામાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર તરીકે શ્રી પ્રવિણભાઈ પટેલ, ડેપ્યુટી મેયર તરીકે શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા અનેસ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન તરીકે શ્રી મનુભાઈ પટેલ ચૂંટાઈ આવ્યા હતા.

પ્રદેશ અધ્યક્ષ શ્રી વિજયભાઈ રૂપાણી અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે ચૂંટાયેલ પદાધિકારીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું હતુ કે સુવિધા અને જનસુખાકારીના કાર્યો થકી ગાંધીનગરના નગરવાસીઓની સેવા ભાજપાની પ્રાથમિકતા રહેશે.

આજ રોજ પદાધિકારીઓની ચૂંટણી પ્રક્રિયા પહેલા શ્રી પ્રવિણભાઈ પટેલ, પૂર્વ કાઉન્સીલર શ્રી અશ્વિનભાઈ વ્યાસ સહિત આગેવાનો ભાજપામાં જોડાયા હતા. પ્રદેશ મહામંત્રી શ્રી કે.સી. પટેલે તેમને ભાજપામાં આવકાર્યા હતા. શ્રી પ્રવિણભાઈ પટેલે જણાવ્યું હતું કે ભાજપા સરકારની બિનઅનામત વર્ગને ૧૦ ટકા આર્થિક અનામત આપવાના ઐતિહાસિક નિર્ણય બદલને કારણે અને કોંગ્રેસની જૂથબંધીને કારણે હું ભાજપામાં પુનઃ જોડાયો છું.

### હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



ઊભો રહે... માલ્યાને તો રેડ કોર્નર નોટીસથી પકડી પાડીશું... તારા જેવાના ન હેલ્મેટ પહેરવાના પચાસ રૂપિયા લેવા રેડ કોર્નર નોટીસ સરકારને ન પોસાય....!!

## કલોલ ખાતે સમાજ શિક્ષણ શિબિરમાં ૨૭ યુગલોને સાતફેરા સમૂહલગ્ન યોજનાની ૨.૭૦ લાખની સહાય

ગાંધીનગર, તા. ૬
સમાાજિક ન્યાય અને અધિકારતા વિભાગ અંતર્ગત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર તથા મોટી છાસઠ જુથ નાયી સમાજ, કલોલના ઉપક્રમે તા.૦૬ મે, ૨૦૧૬ના રોજ સમાજ શિક્ષણ શિબિરનું આયાજન કરવામાં આવ્યું હતું જેમાં સરકારની સાતફેરા સમૂહલગ્ન યોજનામાં ભાગ લેનાર યુગલોને દસ હજાર રૂપિયા લેખે ૨૭ યુગલોને રૂ. ૨ લાખ ૭૦ હજાર સમૂહ લગ્ન પેટે તથા ૧૨ યુગલોને રૂ. ૧ લાખ ૨૦ હજાર કુંવરબાઈ મામેરા સહાય તેમજ આયોજક સંસ્થાને યુગલ દીઠ રૂપિયા બે હજાર લેખે રૂપિયા ૯૦ હજારના ચેકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.



શિબિરમાં નાયી સમાજના પ્રમુખે સૌને આવકારી કાર્યક્રમની શરૂઆત કરી પ્રારંભિક પ્રસંગને અનુરૂપ સમાજના આર્થિક સદ્ધર અને છેવાડાનો માણસ પણ સમૂહલગ્નમાં જોડાય તેવા આગ્રહ સભર વકતવ્ય સાથે સમાજ અને સરકારની સહભાગીદારીથી ઉત્કૃષ્ટ વિકાસ સાધી શકાય તેનું સુંદર વકતવ્ય વૃતાંત સહ જે.બી. પ્રજાપતિ, મ.સક.ક.અ., વિ.જા., ગાંધીનગરે આપ્યા હતા. રાજલબેન ગજેરા, સમાજ સુરક્ષા અધિકારીએ બાળ સુરક્ષા, વિકલાંગ તથા વિધવા સહાયને લગતી યોજનાકીય માહિતી પુરી પાડી હતી. શ્રી ઓ.પી..ઠાકર, જિલ્લા નાયબ નિયમક (વિકસતિ જાતિ), ગાંધીનગરે સરકારની વિકસતી જાતિની વિવિધ કલ્યાકારી યોજનાઓ જેવી કે શૈક્ષણિક, આર્થિક ઉત્કર્ષ, અરોગ્ય અને ગૃહ નિર્માણની યોજનાઓનું માર્ગદર્શન આપ્યું હતું. જેમાં કુલ- ૧૪૬ જાતિઓએ સરકારે જાહેર કેલા લાભો કઈ રીતે મેળવવા તે અંગે વિસ્તાર પુર્વક જાણકારી આપી હતી.

## બાળકોમાં તણાવમુક્તિ અને ચારિત્ર્ય નિર્માણનું ઘડતર અનિવાર્ય : રાજ્યપાલશ્રી

### શિક્ષણ સંસ્થાઓનું યથાર્થ યોગદાન જરૂરી : રાજ્યપાલશ્રી : રાજભવન ખાતે તણાવમુક્ત અને ચારિત્ર્ય નિર્માણ અંગે જનજાગૃતિ પરિસંવાદ યોજાયો

ગાંધીનગર, તા. ૬
ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું છે કે, યુવાનો-બાળકોમાં આપઘાતનું પ્રમાણ વધી રહ્યું છે, ત્યારે બાળકોમાં તણાવ મુક્તિ અને ચારિત્ર્યનું ઘડતર થાય તે માટે શિક્ષણ સંસ્થાઓ પોતાનું યથાર્થ યોગદાન આપે તે અત્યંત અનિવાર્ય છે.

રાજભવન, ગાંધીનગર ખાતે તણાવ મુક્તિ અને ચારિત્ર્ય નિર્માણ અંગે યોજાયેલ જનજાગૃતિ પરિસંવાદનો સંબોધતા રાજ્યપાલશ્રીએ કહ્યું કે, રાજ્ય સરકારે વિદ્યાર્થીઓ-બાળકોમાં તણાવમુક્તિનું પ્રમાણ ઘટે તે માટે જે કાર્ય કરી રહી છે તે ખરેખર સરાહનીય છે. તેમણે કહ્યું કે, રાજ્યમાં વિદ્યાર્થીઓમાં તણાવને કારણે જે આત્મહત્યાના પ્રયાસો થાય છે તે સંદર્ભે મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ અને શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જે પ્રયાસો હાથ ધર્યા છે તેમાં રાજ્યના સૌ નાગરિકો તથા શ્રેષ્ઠીઓ, સહિત વાલીઓ પોતાનું યોગદાન આપે તે જરૂરી છે.

તેમણે ઉમેર્યું કે આ માટે બાળકોને તેમની માતૃભાષામાં જ શિક્ષણ મળવુ જોઈએ જેથી તેઓ તેને આત્મવિશ્વાસ વધી શકે છે. આ માટે શિક્ષણ સંસ્થાઓ એ બાળકોમાં



સમાજ જીવનના વિવિધ ક્ષેત્રોના લોકોના અનુભવોનો લાભ વાલીઓને આપવો. સાથે સાથે વાલીઓએ પણ બાળકોને ખુલ્લા મને વિચારવાની તક આપવી અને તેને જેમાં રસ હોય તે રીતે જ શિક્ષણ આપવું તેના પર ખોટી રીતે દબાણ ન કરવુ, તેમણે જણાવ્યું હતું કે, સહજતાથી ગ્રહણ કરી શકે અને તેઓ ખોટા તણાવથી દૂર રહી શકે.

શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાએ જણાવ્યું હતું કે, બાળકો આત્મવિશ્વાસની ઉણપને કારણે જ આપઘાત કરવા પ્રેરાય છે. ત્યારે કે.જી. થી પી.જી. સુધી સંસ્કારોનું સાતત્ય જળવાય તો જ આત્મવિશ્વાસ વધે તેને અનુરૂપ શિક્ષણ વ્યવસ્થા ગોઠવવી અનિવાર્ય છે.

પુરૂષોત્તમ રૂપાલાએ આ પરિસંવાદને ઐતિહાસિક ઘટના ગણાવતા કહ્યું કે, વિદ્યાર્થીઓ આપઘાત કરે છે એ માટે વાલીઓ પણ એટલા જ જવાબદાર છે. તેમણે વાલીઓને બાળકો પર પોતાના વિચારો પરાણે ન લાદવા અનુરોધ કરતા કહ્યુ કે બાળકોને જેમાં રસ હોય તે રીતે જ શિક્ષણ આપવું જોઈએ. આજે 'સંતોષ' શબ્દ સમાજ વ્યવસ્થામાંથી અદશ્ય થઈ ગયો હોય તેવું લાગે છે.

આ પરિસંવાદમાં રઘુવીર ચૌધરી, ભીખુદાન ગઢવી, દેવેન્દ્રભાઈ પટેલ, અજય ઉમટ, માયાભાઈ અહિર, શાહબુદીન રાઠોડ, આર.જે. દેવકી, પ્રશાંત ભીમાણી, મહેબુબભાઈ, યઝદીભાઈ, માધવ રામાનુજ, યોગેશ ગઢવી સહિત સાઈરામ દવેએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. આ પ્રસંગે ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ રાજ્યમંત્રી વસુબેન ત્રિવેદી, પ્રાથમિક શિક્ષણ રાજ્ય મંત્રી નાનુભાઈ વાનાણી સહિત સાહિત્યકારો, કોલમિસ્ટો, લોક કલાકારો ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રમુખ ભાગ્યેશ જહાએ કર્યુ હતું.